બેઇમાન મૌસમ

અંકલેશ્વર પંથકમાં કમોસમી વરસાદ સહિતનાં પરિબળોને કારણે કેરીના પાકને વ્યાપક નુકસાન, ચાલુ વર્ષે પણ ફળોના રાજા કેરીનું આગમન મોડું થવા સાથે ભાવમાં વધારો જોવા મળશે, ખેડૂતોમાં નિરાશા

# મંજરી બળી જતાં કેરીનો પાક ઘટશે

### કેટલાક આંબા ઉપર નવાં પાંદડાં ફૂટી નીકળતાં મંજરી આવશે નહીં

### ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતોને મોટું આર્થિક નુકસાન થવાનાં એંધાણ

### કેસર, લંગડો, હાફુસ જાતની કેરીનો બીજા તબક્કાનો ફાલ મોડો આવશે



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: ભરૂચ જિલ્લા સહિત અંકલેશ્વરમાં ઓર્ગેનિક આંબાની ખેતી કરતા ખેડૂતો કમોસમી વરસાદ સહિતનાં પરિબળોને કારણે કેરીના પાક પર તેની અસરને લઈ નિરાશામાં મુકાયા છે.

અંકલેશ્વર તાલુકાના દીવા, દીવી, જીતાલી તેમજ અન્ય ગામોમાં ખેડૂતો ઓર્ગેનિક આંબાની ખેતી કરતા આવ્યા છે. ખેડૂતો કેસર, લંગડો સહિતના આંબાની વિવિધ કલમ પોતાની વાડીઓમાં ઉગાડી મોટાપાયે કેરી પકવે છે. આ વર્ષે સિઝનની શરૂઆતમાં સારી રીતે કેરીનો પાક થવાની આશા સેવાતી હતી, પરંતુ હાલમાં કમોસમી વરસાદ, ધુમ્મસ અને ઝાંકળને પગલે આંબાનો મહોર બળી ગયો હતો સાથે આંબા પર મંજરી આવી હતી તે બળીને ખરી પડી હતી. તો આંબા ઉપર નવાં પાંદડાં ફૂટતાં કે તેને ખેડૂતોની ભાષામાં કહીએ તો ફૂટ આવવાથી મંજરી આવશે નહીં. જેને કારણે આ વર્ષે ખેડૂતોને નુકસાન થવા સાથે કેરીનો પાક ઓછો ઊતરશે. દર વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ફળોના રાજા કેરીનો ભાવ પણ ડબલ રહેશે ત્યારે ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતોને મોટું આર્થિક નુકસાન પહોંચે તેવી વકી છે.

આ વર્ષે થોડા દિવસ પહેલા આવેલા વરસાદી ઝાપટાને કારણે કેરીના પાકને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. તેમજ ઠંડીનું પ્રમાણ વધ-ઘટ થતાં આંબાઓ પર વિષમ પ્રકારની સિઝનની સીધી અસર વર્તાઈ હતી. આ અગાઉ માવઠાને કારણે આંબા પર કેરીના મોર ખરી પડ્યા હતા. કમોસમી વરસાદને કારણે પ્રથમ તબક્કાનો ફાલ સંપૂર્ણપણે બળી જતાં કેરીનું ઉત્પાદન અનિયમિત અને મોડું સર્જાય તેવી સ્થિતિ દેખાઇ રહી છે.સામાન્ય રીતે માર્ચ મહિનાના પ્રારંભમાં સામાન્ય રીતે આગોતરી કેરીનો ફાલ આવવાનો શરૂ થઇ જાય છે. પરંતુ આ વખતે આગોતરો ફાલ નિષ્ફળ થઇ જતાં સમગ્ર વિસ્તારમાં કેસર, લંગડો, હાફુસ જાતની કેરીનો બીજા તબક્કાનો ફાલ મોડો આવે તેવી શક્યતા વર્તાતાં હવે બાગાયતકારો માટે સ્થિતિ પડકારરૂપ ગણાવાઇ રહી છે.

## અંકલેશ્વરમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાતાં વિઝિબિલિટીમાં ઘટાડો

અંકલેશ્વર: અંકલેશ્વરમાં સોમવારે ગાઢ ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. જેના કારણે વિઝિબિલિટીમાં ઘટાડો થયો હતો. તો બીજી તરફ હિલ સ્ટેશન જેવો માહોલ જોવા મળ્યો હતો. ભરૂચ અને અંકલેશ્વરમાં વહેલી સવારના સમયે શહેરે જાણે સફેદ ચાદર ઓઢી લીધી હોય એમ ખુશનુમા વાતાવરણ સાથે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. ધુમ્મસના કારણે વિઝિબિલિટીમાં ઘટાડો થયો હતો. દિવસ ચઢતો ગયો તેમ તેમ ધુમ્મસની અસર ઓછી થવા લાગી હતી. ગાઢ ધુમ્મસના કારણે રોડ પર આવતા-જતા વાહનચાલકોને ઓછી વિઝિબિલિટી હોવાથી રોડ પર સામેથી આવતાં વાહનો ન દેખાતાં મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને ધીમી ગતિએ વાહન હંકારવાની ફરજ પડી હતી.



## નર્મદા જિલ્લામાં આચારસંહિતા લાગુ થતાં તંત્ર કડક: ૮૧૬ પ્રચાર સામગ્રી દૂર કરાઈ

**બેનર્સ,** પોસ્ટર્સ, દીવાલ પરનાં લખાણો દૂર કરવાની કામગીરી નિરંતર ચાલુ રહેશે



ભરૂચ: ચૂંટણી પંચે લોકસભાની સામાન્ય ચૂંટણીની જાહેરાત સાથે નર્મદા જિલ્લામાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી જતાં તેનો ચુસ્તપણે અમલ કરી કામગીરી હાથ દીધી છે. નર્મદા જિલ્લાને ભરૂચ સહિત છોટા ઉદેપુર લોકસભા બેઠક લાગતાં આદર્શ આચારસંહિતા હરકતમાં આવી છે.

લોકસભાની ચૂંટણીની જાહેરાત થતા જ પહેલા દિવસથી જ જિલ્લામાં સરકારી તથા ખાનગી ઈમારતો પરથી પોસ્ટર્સ, બેનર્સ અને લખાણો હટાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં આશરે ૮૧૬થી વધુ પ્રચાર સામગ્રી દૂર કરી દેવામાં આવી છે. હજુ પણ આ કામગીરી ચાલુ છે.

નર્મદા જિલ્લામાં આદર્શ આચારસંહિતા સમિતિના નોડલ ઓફિસર જે.કે.જાદવ તથા નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જિજ્ઞાબેન દલાલના માર્ગદર્શનમાં અને નિરીક્ષણ હેઠળ શહેર તેમજ જિલ્લામાં જાહેર સ્થળો, સરકારી ઈમારતો તેમજ ખાનગી ઈમારતો પરથી સરકારી જાહેરાતો તથા રાજકીય લખાણોવાળાં પોસ્ટર, બેનર્સ, ઝંડીઓ ઉતારવાની, દીવાલ પરનાં લખાણો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ચૂંટણીના જાહેરાતના પ્રથમ દિવસમાં નર્મદા જિલ્લાની બંને લોકસભા બેઠક વિસ્તારોમાંથી કુલ ૮૧૬ પ્રચારાત્મક સામગ્રી દૂર કરી દેવામાં આવી છે, જેમાં સરકારી મિલકતો પરથી ૯૫ દીવાલ પરનાં લખાણો ભૂંસી નંખાયાં છે. તો ૧૩૮ પોસ્ટર્સ, ૧૭૨ બેનર્સ તેમજ ૨૮૮ જેટલી અન્ય પ્રચારાત્મક સામગ્રી મળી કુલ ૬૯૩ સામગ્રી દૂર કરવામાં આવી છે. સમગ્ર જિલ્લાની ખાનગી મિલકતો પરથી પણ ૪૧ દીવાલ પરનાં લખાણ, ૨૬ પોસ્ટર્સ, ૨૭ બેનર્સ અને ૨૯ અન્ય મળી કુલ ૧૨૩ જેટલી પ્રચાર સામગ્રી દૂર કરવામાં આવી છે. આચારસંહિતા આવી જતાં વહીવટી તંત્રમાં દોડધામ વધી ગઈ છે.

### ભરૂચમાં ચૂંટણી પ્રચાર માટે સરકારી વાહનો કે બેઠકો માટે સરકીટ હાઉસનો ઉપયોગ કરી શકાશે નહીં

ભરૂચ: આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને ચૂંટણી ખર્ચને નિયંત્રણમાં રાખવા અને ખર્ચ અંગે મોનિટરીંગ કરવા અંગે ચૂંટણી ખર્ચ મોનિટરીંગ કમિટીના સભ્યો તથા નોડલ અધિકારીઓ સાથે જિલ્લા ચૂંટણી અધિકારી તુષાર સુમેરાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં હાજર રહેલા રાજકીય પક્ષોના અગ્રણીઓ જેવા કે પ્રમુખ ,ભાજપ, પ્રમુખ, ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ પાર્ટી, પ્રમુખ, બહુજન સમાજ પાર્ટી, પ્રમુખ, આમ આદમી પાર્ટીને ચૂંટણી દરમિયાન કરવામાં આવતા ખર્ચના હિસાબો માટે ચૂંટણી પંચની સૂચના મુજબ વિવિધ ચીજવસ્તુઓના નક્કી કરવામાં આવેલા ભાવ વિશેની વિગતો આપવામાં આવી હતી. આ ઉપરાંત રાજકીય પક્ષોને આદર્શ આચાર સંહિતા સંબંધિત માહિતી આપવામાં આવી હતી. પદાધિકારીઓ કચેરી કામ અર્થે ચૂંટણી હેઠળના વિસ્તારોની મુલાકાત લઈ શકશે નહીં. ચૂંટણી પ્રચાર અર્થે સરકારી વાહનોનો ઉપયોગ કરી શકાશે નહીં. રાજકીય પક્ષોની બેઠક માટે સરકીટ હાઉસનો ઉપયોગ કરી શકાશે નહીં. એક મતદાર વિભાગમાં કોઈ એક ઉમેદવારે ચૂંટણીમાં વધુમાં વધુ ચાર ઉમેદવારીપત્રો ભરી શકશે. કોઈ એક ઉમેદવાર વધુમાં વધુ બે મતદાર વિભાગ માટે ઉમેદવારી કરી શકશે. ઉમેદવારની ઓછામાં ઓછી ઉંમર ૨૫ વર્ષ હોવી જોઈએ. ઉમેદવારનું નામ ભારતના કોઈ પણ મતદાર વિભાગમાં તેમજ દરખાસ્ત કરનારનું નામ ભરૂચ લોકસભા મતવિસ્તારમાં નોંધાયેલું હોવું જોઈએ. આ ઉપરાંત રાજકીય પક્ષોને ખર્ચ મર્યાદા, ડિપોઝીટ સહિતની વિગતો આ બેઠકમાં આપવામાં આવી હતી. આ પ્રસંગે, DDO જોષીએ નિવાસી અધિક કલેક્ટર એન.આર.ધાંધલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એસ.એમ.ગાંગુલી સહિત વિવિધ નોડલ અધિકારીઓ અને વિવિધ ટીમના સભ્યો અને રાજકીય પાર્ટીઓના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### ભાટકોલમાં યુપીવાસી આધેડ ગુમ

હથોડા: યુપીથી મજૂરીકામે આવી ભાટકોલ ગામે ભાડાના મકાનમાં રહેતા દંપતી પૈકી 42 વર્ષના આધેડ ઘરેથી નીકળ્યા બાદ ગુમ થતાં ગુમ પતિને શોધવા લાચાર બનેલી પત્ની ચારેકોર ભટકી રહી છે. અને નજીકમાં આવેલી પાલોદ પોલીસ ચોકીમાં પતિને શોધી આપવા મદદ માંગી છે. મૂળ ઉત્તર પ્રદેશના વતની મહેશભાઈ રામહરખ પટેલ (ઉં.વ.42) તેની પત્ની ગુડ્ડી સાથે છેલ્લા કેટલાક વખતથી ભાટકોલ ગામે અભિષેકનગરમાં રામરાજ પટેલના મકાનમાં ભાડેથી રહે છે. અને મજૂરીકામ કરી ગુજરાન ચલાવે છે. મહેશભાઈ ઘરેથી કોઈને કંઈપણ કહ્યા વગર ગયા બાદ ઘરે પરત નહીં ફરતાં લાચાર બનેલી પત્ની ગુડ્ડી પતિને શોધવા ચારેકોર ભટકી રહી છે. અને પતિને શોધી આપવા નજીકમાં આવેલી પોલીસને જાણ કરી પોલીસની મદદ માંગી છે. આ બાબતે પાલોદ પોલીસે જાણવા જોગ નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ગંગાધરામાં યુવકે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પલસાણા: પલસાણા તાલુકાના ગંગાધરા ગામે આવેલા વી.કે. એવન્યુમાં 29 વર્ષીય યુવકે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પલસાણા તાલુકાના ગંગાધરા ગામે રહેતો અને મૂળ મહારાષ્ટ્રના ધુલિયાના શિંદખેડાના હોળ ગામનો વતની દીપક કૈલાસ પાટીલ (ઉં.વ.29) વાયરમેનનું કામ કરતો હતો. યુવકે અગમ્ય કારણોસર પોતાના ઘરે પંખાના હૂંક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. મૃતક યુવકના ભાઈ ઈશ્વર કૈલાસ પાટીલ દ્વારા સમગ્ર ઘટનાની જાણ પલસાણા પોલીસને કરવામાં આવતાં પલસાણા પોલીસ તુરંત સ્થળ પર દોડી ગઈ હતી. અને યુવકના મૃતદેહનો કબજો લઈ યુવકના આપઘાત પાછળનું કારણ જાણવા તપાસ હાથ ધરી હતી. હાલ આ સમગ્ર કેસની તપાસ હે.કો. નિકેતકુમાર કરતા હોવાનું જાણવા મળ્યું છે.

### નિઝરના વેલદા ગામે નાહવા માટે મોટર ચાલુ કરવા ગયેલી મહિલાનું કરંટ લાગતાં મોત

વ્યારા: નિઝર તાલુકાના વેલદા ગામે મુબારકપુર ફળિયામાં પોતાના ઘર નજીક નાહવા માટે મોટર ચાલુ કરવા ગયેલી મહિલાનું કરંટ લાગતાં મોત નીપજ્યું હતું. નિઝરના મુબારકપુર ગામનાં બબીતા સુરેશ પાડવી (ઉં.વ.૪૫)ના ઘરની આગળ ખુલ્લી જગ્યામાં ગ્રામ પંચાયતના નળમાંથી પાણી ખેંચવા માટે આશરે છ ફૂટની ઉપર મોટર ચાલુ કરવા સ્વીચ વાયરમાં જોડેલો છે. બબીતાબેન નાહવા માટે ગયાં હતાં. એ વખતે મોટર ચાલુ કરવા સ્વીચ દબાવતાં તેમને જમણા હાથની હથેળીમાં વીજ કરંટ લાગતાં મોત નીપજ્યું હતું.

### અંકલેશ્વર જીઆઈડીસી બસ ડેપોમાંથી મળી આવેલા બાળકનું પિતા સાથે સુખદ મિલન

અંકલેશ્વર: અંકલેશ્વર બી ડિવિઝનના પી.આઈ. વી.કે.ભુતીયા સહિત સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. એ દરમિયાન અંકલેશ્વર જી.આઈ.ડી.સી. બસ ડેપોમાં આવતાં એક બાળક આજુબાજુ ફરતો હોવા સાથે મૂંઝવણમાં હોવાનું ધ્યાન પર આવ્યું હતું. આથી તેને પોલીસ સ્ટેશન ખાતે લઈ આવી ચાઈલ્ડ વેલફેર ઓફિસર દ્વારા પૂછપરછ કરતાં સગીર વયનો બાળક તેના ગામના ખેતારામ સાથે કીમ ખાતે આવેલો અને ત્યાંથી કોઈને કહ્યા વિના કીમથી અંકલેશ્વર જી.આઈ.ડી.સી. બસ ડેપો ખાતે આવી ગયો હોવાનું જણાવ્યું હતું. પોલીસે રાજસ્થાનના ઉદેપુર ખાતે રહેતા તેના પિતાનો સંપર્ક કરી અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ સ્ટેશન બોલાવી બાળકને તેના પિતા સાથે સુખદ મિલન કરાવતાં લાગણીસભર દૃશ્યો સર્જાયાં હતાં.

### અંકલેશ્વરના ડીવાયએસપી ચિરાગ દેસાઈની અમરેલી બદલી થતાં વિદાયમાન

અંકલેશ્વર: અંકલેશ્વર ઇન્ડસ્ટ્રિઝ એસોસિએશન ખાતે અંકલેશ્વરના ડીવાયએસપી ચિરાગ દેસાઈની અમરેલી ખાતે બદલી થતાં તેઓના માનમાં વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંકલેશ્વર ઇન્ડસ્ટ્રિઝ એસોસિએશનના પ્રમુખ જશુ ચૌધરી સહિત AIAના સભ્યો, ઉદ્યોગકારોએ ઉપસ્થિત રહી ચિરાગ દેસાઇનું બહુમાન કરી શુભેચ્છાઓ પાઠવી હતી.

## વ્યારાના કોસંબીયામાં RTI એક્ટિવિસ્ટની ગળું દબાવી હત્યા, લાશ ખેતરમાં ફેંકી દીધી

**વાલોડના** કુંભિયા ગામનો સુધીર ચૌધરી ગુમ થયા બાદ હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી

**મૃતકના** કમર બેલ્ટ પાસે કેટલાક કાગળો મળી આવ્યા, છાતીના ભાગે, પગમાં ઘા કર્યાનાં નિશાન



વ્યારા: વાલોડના કુંભીયા ગામના ઇસમની હત્યા કરી લાશને હત્યારાઓએ ઝાડી-ઝાંખરામાં ફેંકી દીધી હતી. આ હત્યા મામલે અજાણ્યા ઇસમો વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. કહેવાય છે કે, જેની હત્યા થઇ તે એક આરટીઆઇ એક્ટિવિસ્ટ હતો. પોલીસે હાલ તે દિશામાં તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

તાપી જિલ્લામાં ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે. હત્યા જેવા સંગીન ગુના કરતા પણ ગુનેગારો અચકાતા નથી. ત્યારે કોસંબીયા ગામે આવી જ એક ઘટના પ્રકાશમાં આવી હતી. જેમાં એક આરટીઆઇ એક્ટિવિસ્ટની હત્યા કરી લાશને અવાવરુ જગ્યાએ ફેંકી દેવાઈ હતી. ઘટનાની વિગત કંઈક એવી છે કે, વાલોડના કુંભિયા ગામનો સુધીર ઉર્ફે પીન્ટુ નટુ ચૌધરી (ઉં.વ.૩૮) ઘરેથી કામ અર્થે નીકળ્યો હતો. પરંતુ એ બાદ પરત ફર્યો ન હતો. દરમિયાન તા.૧૭/૦૩/૨૦૨૪ના રોજ સાંજે ૪:૩૦ વાગ્યાથી તા.૧૮/૦૩/૨૦૨૪ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યાના અરસામાં હત્યારાઓએ ગળું દબાવી હત્યા કરી હતી. હત્યાનો પુરાવો નાશ કરવાના બદઆશયથી હત્યારા તેનો મૃતદેહ કોસંબીયા ગામની સીમમાં આવેલા કોસંબીયા ગામથી સ્મશાન તરફ જતા કાચા રોડની બાજુમાં વજીર ચૌધરીની પડતર જમીનમાં આવેલા ઝાડી-ઝાંખરામાં ફેંકી ગયા હતા. મૃતકના કમર બેલ્ટ પાસે કેટલાક કાગળો મળી આવ્યા હતા. ઉપરાંત તેના છાતીના ભાગે, પગમાં ઘા કર્યા હોય એવું જોવા મળે છે. ઉપરાંત ખીસ્સામાં એક બોલપેન અને માથામાં ટોપી જોવા મળે છે. ઉપરાંત લાશ પાસે જ એક બૂટ જોવા મળ્યું હતું. હાલ તો સુધીરની લાશને સુરત પોસ્ટપોર્ટમ અર્થે ખસેડાઇ હોવાનું જાણવા મળે છે.

વાલોડ-ડોલવણ પોલીસ સ્ટેશનના મર્ડર કેસ સંદર્ભે નવા વરાયેલા ડીવાયએસપી પી.જી. નરવડે આજે 11 વાગ્યે વ્યારા એસડીપીઓ ઓફિસ ખાતે પ્રેસ કોન્ફરન્સ કરશે, જેમાં સત્ય ઉજાગર થવાની શક્યતા છે.

## પાનોલીની કેમિકલ કંપનીમાં ઝેરી ગેસની અસરથી કામદારનું મોત, ગુનો દાખલ

**ફિનોરકેમ** કંપનીમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા કોન્ટ્રાક્ટ લેબર રિઝવાનની તબિયત લથડી હતી, તેણે શિફ્ટ સુપરવાઇઝરને જણાવ્યું હતું કે, ‘મને ચક્કર આવે છે’

અંકલેશ્વર: પાનોલી જીઆઈડીસીની કેમિકલ કંપનીમાં ફરજ દરમિયાન કોન્ટ્રાકટ હેઠળ ફરજ બજાવતા એક કામદારને ગેસની અસર થતાં સારવાર દરમ્યાન તેનું મોત નીપજ્યું હતું.

પાનોલી જીઆઈડીસીની ફિનોરકેમ કંપનીમાં શનિવારના રોજ રાતપાળીમાં પ્લાન્ટમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા કોન્ટ્રાક્ટ લેબર રિઝવાન મોહમ્મદ રફી મોહમ્મદની એકાએક તબિયત લથડી હતી. આથી તેણે શિફ્ટ સુપરવાઈઝરને જણાવ્યું હતું કે, ‘મને ચક્કર આવે છે.’ આથી તેને પ્રથમ કંપનીમાં ઈમરજન્સી હેલ્થ સેન્ટર બાદમાં ખરોડ વેલફેર હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. પરંતુ એ બાદ તેને અંકલેશ્વર અને ભરૂચની ખાનગી હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પાનોલી પોલીસમથકે જાણ કરાતાં પોલીસે અકસ્માત મોતની નોંધ કરી તપાસ હાથ ધરી હતી.

## તાજપોર કોલેજમાં પૈસાની લેતીદેતી મામલે ઝપાઝપી

બારડોલી: બારડોલીની તાજપોર કોલેજમાં પૈસાની લેતીદેતી મામલે બે યુવક વચ્ચે ઝપાઝપી થતાં વોચમેને વચ્ચે પડી ફટકા મારતાં બે યુવકને ઈજા પહોંચી હતી. તેમને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બાબેન ખાતે રહેતા દીપક ગુપ્તા અને સંજય ગુપ્તા ફેબ્રિકેશનનું કામ કરે છે. તેમની પાસે મહેશ યાદવ નામના વ્યક્તિએ કામ કરાવ્યું હતું. જેના પૈસા લેવાના બાકી હતા. પરંતુ તે પૈસા આપતો ન હતો અને પોતાનું એડ્રેસ પણ બતાવતો ન હતો. દરમિયાન તેમને મહેશ યાદવ તાજપોર કોલેજના પરિસરમાં રહેતો હોવાનું જાણવા મળતાં બંને પૈસાની ઉઘરાણી માટે તેના ઘરે ગયા હતા. જ્યાં મહેશ યાદવ અને બંને યુવક વચ્ચે ઝપાઝપી થઈ હતી. બાદ કેમ્પસમાં બબાલ થતી હોય વોચમેન ત્યાં પહોંચ્યો હતો અને બંને યુવકોને લાકડી મારતાં તેમને ઈજા થઈ હતી. બંનેને બારડોલીની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યો હતો.

## કરવટ ગામમાંથી કાર ચોરી તસ્કરો વડદલા ગામમાં ઘૂસ્યા, બે મકાનમાં ચોરીનો પ્રયાસ



**ફેરો** ખાલી ગયો તો કરવટ ગામના નાકે કાર મૂકી ગયા, તસ્કરો CCTV કેમેરામાં કેદ

ભરૂચ: ભરૂચ જિલ્લામાં તસ્કરો બેફામ બન્યા હોય તેવું લાગી રહ્યું છે. ભરૂચના નેશનલ હાઈવે નં.48ને અડીને આવેલા વડદલા ગામમાં 14મી તારીખે વહેલી સવારે લગભગ 3થી 5ના સમયગાળામાં એક ઈકો કાર લઈને તસ્કરો ત્રાટક્યા હતા, જેમાં આ તસ્કરો આખાય ગામમાં ઈકો લઈ ફરીને રેકી કરી હતી. બાદ ગામના એક બંધ મકાનને નિશાન બનાવ્યું હતું. પરંતુ તસ્કરોને તેમાંથી ખાલી હાથ બહાર આવવું પડ્યું હતું. એ પછી તસ્કરો ગામના બીજા એક મકાનને નિશાન બનાવવા પહોંચ્યા હતા. પરંતુ કોઈ બાઈકસવાર ત્યાં આવી જતાં તેઓ ઈકો કાર લઈ ભાગી ગયા હતા. આ ઘટનાની જાણ સવારે થતાં લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. તસ્કરોની ગામમાં ફરવાની તમામ હરકતો ગામમાં રહેલા સીસીટીવી કેમેરા કેદ થઈ ગઈ હતી. આ મામલે કોઈ પોલીસ ફરિયાદ તો નથી નોંધાઈ, પણ ગ્રામજનોએ સી ડિવિઝન પોલીસમાં જાણ કરી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે, આ તસ્કરો જે ઈકો કાર લઈને આવ્યા હતા તે કરગટ ગામમાંથી ચોરી કરીને લાવ્યા હોય, પાછા ગામના નાકે મૂકીને પલાયન થઈ હતા. ત્યારે હાલમાં તો ગ્રામજનોએ રાત્રિના કડક પોલીસ પેટ્રોલિંગની માંગ કરી છે.

## ગંધાર ફૂડ પ્રોડક્ટ પ્રાઈવેટ લિમિટેડ કંપની સામે મુલેરના ખેડૂતોનો વિરોધ

ભરૂચ: વાગરા તાલુકાના મુલેર ગામ પાસે આવેલી ગંધાર ફૂટ પ્રોડક્ટ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાંથી મીઠાયુક્ત પાણી અને કેમિકલયુક્ત પાણી છોડવામાં આવતું હોવાનો સ્થાનિક લોકોના આક્ષેપ છે. તેમનું કહેવું એવું છે કે, કંપની દ્વારા મીઠાયુક્ત પાણીનો ગમે ત્યાં નિકાલ કરવામાં આવે છે. જેનાથી કંપનીની નજીકનાં કેટલાંક ખેતરોમાં પાણી ફરી વળતું હોય છે. આ સ્થિતિમાં જમીનની ફળદ્રુપતા ઘટી ગઈ છે. જેના કારણે ખેડૂતોના પાકમાં મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. આ બાબતે મુલેર ગામના આગેવાનોએ સોમવારે વાગરા મામલતદારને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. રજૂઆતમાં તેમણે જણાવ્યું હતું કે, આવી જ રીતે વર્ષ-2019માં પણ ગંધાર પ્રાઈવેટ લિમિટેડ કંપની વિરોધ જીપીસીબીના અધિકારીઓ, વાગરા મામલતદાર, મુલેર ગામ પંચાયતના તલાટી અને ગામના સરપંચને પણ રજૂઆત કરી હતી.


Milano MULTIPLEX

બારડોલી

Yodha
10:00Am, 01:00Pm, 04:00Pm, 07:00Pm, 10:00Pm.

Baster: The Naxal Story:-
11:00Am, 02:00Pm, 09:00Pm.

Shaitaan :- 12:00Pm, 03:00Pm, 06:00Pm, 09:30Pm

Article 370
05:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333